અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતકો
એમ.ડી/ એમ.એસ ને સ્વતંત્ર વ્યવસાય શરૂ
કરવા લોન આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ- ૧૦૨૦૦૭- ન.બા.૪૫ - ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 23 MAR 2007

વંચાણમાં લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૧૧-૯૭ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.-૩૧-ગ

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૨૦-૧૧-૧૯૯૭ ના ઠરાવથી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતકો એમ.ડી/ એમ.એસ ને પોતાનો સર્જીકલ નર્સિંગ હોમ શરૂ કરવા માટે રૂા. ૫૦,૦૦૦/ - સહાય તથા રૂા. ૫૦,૦૦૦/- લોન આપવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી. પ્રવર્તમાન સંજોગોમાં અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતકો એમ.ડી/ એમ.એસ ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે અપૂરતી રકમ હોઇ તેમાં વધારે કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતકો એમ.ડી/ એમ.એસ ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૫૦,૦૦૦/ - સહાય તથા રૂા. ૨.૫૦ લાખ લોન આપવા નીચે જણાવેલ શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧-૪-૨૦૦૭ થી કરવાનું રહેશે.

(૨) સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(પાછળ)

26 MAR 2007
આવક નં. ૪૩૨

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતાં ધારા ધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) મૂળ યોજનાની બાકીની શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રમા થયેલ જોગવાઇના નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

મુખ્ય સદર : ૬૨૨૨૫- અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદરઃ (૦૧) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૧૯૩- સ્વૈચ્છિક સંગઠનોને લોન, પેટા સદર : (૦૩) બીસીકે- ૩૨ (એ) સર્જીકલ નર્સિંગ હોમ કિલનિક શરૂ કરવા અનુસૂચિત જાતિના ડૉ. પી.જી. સોલંકી એમ.એસ/એમ.ડી અનુસ્નાતકોને લોન.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૯-૩-૨૦૦૭ ના રોજ મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતિ એસ.આર. ભૂરિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય , અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ ઓફિસરશ્રી, ગાંધીનગર.
- નાણાં વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય, ગાંધીનગર

૫૩૧૪
નં.અજાક/મારૂ /૨૦૦૭/ ૫૧૫૩૫
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪-૨,ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજય,ગાંધીનગર
તારીખ:૨ /૩/ ૨૦૦૭

પ્રતિ,
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
.....
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી
.....